જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૫/૨૦૧૭ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૫૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૬૦ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૨ ઓટોરીક્ષા, ૦૧ કાર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૧૫,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૫૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## દુષ્પ્રેરણની ફરીયાદ :- સમાચાર યાદી નં.૯૫૮/૧૭

**અમરાઇવાડી** : ગોવિંદભાઈ દેવાભાઈ સોલંકી (ઉ.વ.૪૫)(રહે,મહાલક્ષ્મીનગર જોગમાયાનગરની સામે અમરાઇવાડી) એ તા.૫/૫/૧૭ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૭/૧૬ ના લગ્નના પછીના ત્રણ માસથી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન ગોવિંદભાઇ દિકરી સુનીતાબેન ને આરોપીઓ (૧) સંજયભાઈ સોમાભાઈ વાળંદ-પતિ (૨) કલવાભાઈ સોમાભાઈ વાળંદ-જેઠ (૩) માલતીબેન વા/ઓ કલવાભાઈ વાળંદ-જેઠાણી (રહે તમામ, ચામુડાનગર બુટ ભવાની નગર સામે વેજલપુર) ભેગામળી સુનીતાબેનને શારીરીક અને માનશીક ત્રાસ આપતાં, મરવા માટેનું દુષ્પ્રેરણ કરતા, તા.૫/૫/૧૭ બપોરનાં ૨/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના પિતાનાં ઘરે છતનાં હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.

## છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૯૫૯/૧૭

**સોલા હાઇકોર્ટ** : પ્રતીતભાઇ અરજણભાઇ ચોવટીયા (રહે,ફલાક સીટાડેલ પાર્ક વ્યુ બંગ્લોઝની પાછળ સાયન્સ સીટી રોડ સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૫/૧૭ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી આશીષ શર્મા (હેડ ઓફીસ: naukuchiyatal bhimataal nainital તથાબ્રાંચ kottayam-kumily road kerala) તથા (ડી-૧૨૧ મેઇન રોડ ફેસ-૨ ગેટર નોઇડા) એ પ્રતીતભાઇને અંદમાન-નિકોબારની ટુરનો પ્લાન નક્કી કરી કુલ-૧૨ પેસેંજરના ૫૫% લેખે કુલ રૂપિયા ૧,૫૭,૩૫૦/-પોતાનાં ખાતામા જમા કરાવી દઇ ૧૨ માણસોને અંદમાન-નિકોબાર ફરવા નહી લઇ જઇ તેમજ ટીકીટ પણ નહી મોકલી પ્રતીતભાઇ સાથે ઓન લાઇન વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.રાજપુત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનું નેકલેસ ખેંચી તોડી લઇ ગયો :-</u>** **<u>સમાચાર યાદી નં.૯૬૦/૧૭</u>**

**ચાંદખેડા** : વિજ્યાબેન વા/ઓ જીતુભાઇ ચૌહાણ (ઉ.વ.૩૬)(રહે,રમણપુરાની ચાલી ગોમતીપુર) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૦૫/૧૭ નાં કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા પ્રથા ટેનામેન્ટ થી મધુરમ ફલોરા સુધીના રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક સફેદ કલરની એક્ટિવા ગાડી ઉપર આવેલ પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) વિજ્યાબેનનાં ગળામાંથી સોનાનું નેકલેસ કિંમત રૂપિયા ૧,૩૭,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૯૬૧/૧૭</u>**

**ઘાટલોડીયા** : રમણલાલ મગનલાલ પટેલ (ઉ.વ.૬૦)(રહે,શિવમ ટેનામેન્ટ, કે.કે.નગર ચાર રસ્તા પાસે HDFC બેન્કની સામે ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૫/૧૭ રાતના ૧૧/૩૦ થી તા.૫/૫/૧૭ નાં કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના બંધ મકાનમાં રસોડાની બારીના સળીયા કોઇ સાધન વડે પહોળા કરી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, (૧) ચાર સોનાની બંગડીઓ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- (૨) સોનાની મણકા જેવા આકારની કંઠી કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૩) સોનાની કંઠી કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- તેમજ ઉપરના માળે હોલમાં તીજોરીમાં મુકેલ દાગીના જેમાં (૪) ચાંદીના બે સિક્કા કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- જે તમામની કુલ કિંમત રૂપિયા ૧,૧૫૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

**વેજલપુર** : સરફરાઝખાન યુસુફખાન પઠાણ (ઉ.વ.૩૩)(રહે,ગોલ્ડન વિલા નુરેલક્ષ્મી સોસાયટી, ઝમઝમ ફ્લેટ સામે રોયલ અકબર ટાવરની પાછળ જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૫/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૫/૫/૧૭ નાં કલાક ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, બેડરૂમમાં મુકેલ તિજોરી ખોલી, તેમા રહેલ ચીજ-વસ્તૂઓ મળી કુલ કિંમત રૂપિયા ૧,૩૦,૦૦૦/-ની મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.જાડેજા ચલાવે છે.

**શાહપુર** : સંદીપભાઇ સ/ઓ ચીમનભાઇ પટેલ (ઉ.વ.૩૮)(રહે,સ્મીતા ફ્લેટ રેડીયો મીરચી ટાવર રોડ સેટેલાઇટ) એ તા.૫/૫/૧૭ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૨/૧૭ થી તા.૪/૫/૧૭ દરમ્યાન શાહપુર યુનિવર્સલ હોંડા ના ગોડાઉનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ગોડાઉનમાંથી એક હોંડા એક્ટીવા કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- તેમજ એક હોંડા શાઇન મોટર સાયકલ કિંમત રૂપીયા ૫૫,૦૦૦/- મળી બંને વાહનો કુલ કિંમત રૂપીયા ૧,૦૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.જી.ગુર્જર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૯૬૨/૧૭**

**સોલા હાઇકોર્ટ** : ચેતનકુમાર પ્રતાપજી રાવ (રહે,સૌરમ્ય ગોલ્ડ ભાગવત વિધ્યાપીઠ પાસે સોલા) એ તા.૫/૫/૧૭ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૫/૧૭ સાંજના ૬/૦૦ વાગ્યાનાં સુમારે સોલા સાયન્સસીટી રોડ ઉપર આવેલ સુંદરમ આર્કેડની આગળ રોડ ઉપર પોતાની આઇ-૧૦ એરા ગાડી નંબર જીજે.૦૧.કે.બી.૫૫૦ કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- મતાની પાર્ક કરી હતી. જેની ચોરી સાંજનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૬૩/૧૭**

**ચાંદખેડા** : શિવાંગી શ્યામલકુમાર સિન્હા (ઉ.વ.૨૪)(રહે,સુભાષનગર ગુ.હા.બોર્ડ ચાંદખેડા) એમ.બી.એ. નાં અભ્યાસ બાદ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતી હોઇ, જેથી અભ્યાસના ડિપ્રેશનના કારણે તા.૦૫/૦૫/૧૭ સવારના ૮/૩૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતનાં હુકમાં પલંગ પર બાંધવાની પાટી બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**મેઘાણીનગર** : દીપુ રામનરેશ પરિહાર (ઉ.વ.૨૭)(રહે, મહાવીરસિંગની ચાલી ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૫/૦૫/૧૭ ના કલાક ૮/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરેંદ્રસિહ દલપતસિહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)